



સુવિચાર : આંગળી ટેરવા પર ઝીલાયેલા આંસુના ટીપાની મહત્તા ત્યારે વધી જાય છે જ્યારે એ આંગળી બીજાની હોય - નવનીત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૭ | ૨૬ જૂન, ૨૦૧૫, શુક્રવાર ; અધિક અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ૧૦ ટકા વરસાદથી મોસમનો પ્રારંભ

### સમયસરના વરસાદથી ખેડૂતોમાં ખુશી : ગત વર્ષ કરતાં વીસ દિવસ વહેલો વરસાદ થયો : સિઝનનો સરેરાશ વરસાદનો ૧૦ ટકા વરસાદ માણસા તાલુકામાં પાંચ ઈંચ વરસાદ થઈ ચુકયો છે

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લામાં ગત વર્ષ કરતાં ૨૫ દિવસ વહેલો વરસાદ અને સમયસરનો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો છે. વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ ૧૦ ટકા જેટલો સિઝનની સરેરાશ જેટલો થવા પામ્યો છે.

જિલ્લામાં સામાન્યતઃ જૂનના બીજા પખવાડિયાથી વરસાદ શરૂ થતો આવ્યો છે અને ૨૦ થી ૨૫ ટકા જેટલો વરસાદ પ્રથમ રાઉન્ડમાં જ થતો હોય છે.

હાલ જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ચાલી રહ્યુ છે તેમજ ગઈકાલે સમગ્ર જિલ્લામાં ત્રણ ઈંચ કે તેથી વધુ વરસાદ નોંધાતાં ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

જિલ્લામાં કૃષિક્ષેત્રે પ્રયોગશીલ અને પ્રગતિશીલ તાલુકા તરીકે ઓળખાતા માણસા તાલુકામાં અત્યાર સુધીમાં પાંચ ઈંચ જેટલો વરસાદ થઈ ચુક્યો છે. આ તાલુકામાં કપાસનું વાવેતર સારૂ થશે તેવા અંદાજો છે. આ તાલુકામાં અગાઉ ૫૪ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો અને ગઈકાલે ૮૨ મી.મી. જેટલો વરસાદ થતાં તાલુકામાં ૧૩૬ મી.મી. વરસાદ આ સિઝનનો નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાં ચાર ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

મોસમના પ્રથમ વરસાદમાં જ શહેરમાં એક દિવસમાં લગભગ ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ગઈકાલે બપોરે શરૂ થયેલો વરસાદ રાત્રે ૧૦ વાગ્યા સુધી છુટોછવાયો પડતો રહ્યો હતો.

ગાંધીનગરમાં પ્રથમ વરસાદના સારા શુકન થયા છે. ગઈ કાલે બપોરે શરૂ થયેલો વરસાદ રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. બપોરે ધોધમાર વરસાદ પડયો હતો પરંતુ સાંજ પછી વરસાદની ગતિ ધીમી પડી હતી. છુટો છવાયો વરસાદ તે પછી પડતો રહ્યો હતો. જો કે જે પ્રમાણે આકાશમાં વાદળો બંધાયા હતા અને સાત આઠ ઈંચ વરસાદની અપેક્ષા હતી તે પૂર્ણ થઈ ન હતી. હવામાન ખાતામાંથી પ્રાપ્ત થયેલા આંકડાઓ અનુસાર રાત સુધી ૯૭ મીમી જેટલો વરસાદ શહેરમાં પડયો હતો. જો કે પ્રથમ વરસાદ હોવાથી ઘણું બધું પાણી જમીનમાં શોષાઈ ગયું હતું. જુના સેકટરોમાં જ કેટલાક સ્થળોએ ખાબોચિયા ભરેલા જોવા મળ્યા હતા.



ધમાકેદાર એન્ટ્રી - પાટનગરમાં મોસમના પ્રથમ દિવસે ૧૦ ટકા વરસીને વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી... માત્ર ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ વરસતા નગરમાં નીચાણવાળા વિસ્તારો અને મેદાનોમાં વ્યાપક પ્રમાણમાં પાણી ભરાયા હતા... (તસવીર : કશ્યપ નિમાવત)

## અસરગ્રસ્ત વિસ્તારોમાં ૧૦ દિવસની કેશડોલ્સ ચુકવાશે

### મુખ્યમંત્રીએ અમરેલી-ગોંડલ વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કર્યા બાદ યોજેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય : રાહત કામગીરી વધુ ઝડપી બનાવવા આદેશ



ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ભારે વરસાદની તારાજીનો ભોગ બનેલા સૌરાષ્ટ્રના અમરેલી અને ગોંડલ વિસ્તારોના બગસરા, કુકાવાવ, વડિયા, ધારીનું હવાઈ નિરીક્ષણ કરી કુદરતી તાંડવન ો તાદશ્ય ચિતાર મેળવ્યો હતો. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોના સૌ નાગરિકોને ઉદારતમ મદદ સહાય નિયમાનુસાર રાજ્ય સરકાર કરવા પ્રતિબદ્ધ છે તેમ પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ પરિસ્થિતની ગંભીરતા અંગે અમરેલીમાં તંત્રવાહકો સાથે તત્કાલ સમીક્ષા બેઠક યોજીને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારે વરસાદથી અસરગ્રસ્ત ગામોના નાગરિકોને દસ દિવસની કેશડોલ્સ ઘરવખરી એક સાથે આપી દેવાશે. મુખ્યમંત્રીએ જિલ્લા તંત્રવાહકો પાસેથી વરસાદે સર્જેલા કૃષિ તથા માલ મિલકતને નુકસાન અને પશુધાન હાનિ તથા માનવ મૃત્યુ અંગેની તલસ્પર્શી વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીએ કૃષિ ક્ષેત્ર-ખેતીવાડીને જે મોટુ નુકસાન થયું છે તેનો સર્વગ્રાહી સર્વે કરાવીને કૃષિ નુકસાન સહાયના કેન્દ્ર રાજ્યના નવા ધોરણો અનુસાર કિસ્સામાં સહાય સાથે જ અન્ય નુકસાનની ભરપાઈ રાજ્ય સરકાર ત્વરાએ નિયમાનુસાર આપવાની કાર્યવાહી કરશે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

## અતિ ભારે વરસાદથી મૃતાંક ૭૦

### સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયા : અમરેલી જિલ્લામાં સૌથી માઠીઅસર : રોગચાળાનો ખતરો સર્જાયો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી અતિભારે વરસાદ થયા બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જોકે, આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદમાં બ્રેક રહેતા તંત્રમાં રાહત થઈ હતી. ગુજરાતમાં પૂર જેવી સ્થિતિ વચ્ચે મોતનો આંકડો વધીને આજે ૭૦ ઉપર પહોંચી ગયો હતો. ગુજરાતમાં હજુ પણ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અભૂતપૂર્વ જટીલ સ્થિતિ સર્જાઈ છે. આજે કોઈ જગ્યાએ વરસાદ ન પડતાં બચાવ કામગીરી પણ ઝડપી બની હતી. બીજીબાજુ વાવાઝોડાની અસર પણ ઘટી રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે. બીજીબાજુ ગઈકાલે ચોમાસાના પ્રારંભમાં સમગ્ર રાજ્યમાં મેઘરાજાની મહેલ થઈ હતી. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના બગસરા તાલુકામાં સૌથી વધુ ૬૩૬ મીમી એટલે કે ૨૫ ઈંચ, ધારી તાલુકામાં ૫૧૧ મીમી એટલે કે ૨૦ ઈંચ, વાડિયા તાલુકામાં ૩૯૩ મીમી એટલે કે ૧૫ ઈંચ, રાજકોટના ગોંડલ તાલુકામાં ૨૫૭ મીમી, લોધિકા તાલુકામાં ૨૫૨ મીમી અને ભાવનગર જિલ્લાના પાણીતાણા તાલુકામાં ૨૫૧ મીમી એટલે કે ૧૦ ઈંચથી વધુ, તેમજ અરવલ્લી

● અનુસંધાન પાન-૭ પર

## મધુર ડેરીના મતદાર મંડળોની રચનાને લઈ ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરાઈ

### આગામી મહિને દૂધ મંડળી અને નાગરિક બેંકનો જંગ ખેલાશે : આજે સચિવાલયની નવી ક્રેડિટ સોસાયટીનો જંગ ખેલાયો

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ધીમી ગતિએ તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે આગામી મહિને જિલ્લાની સહકારી સંસ્થાઓએ પણ તેમની સામાન્ય ચૂંટણીઓ યોજવાની કવાયતો હાથ ધરી છે.

જિલ્લાની અતિ પ્રતિષ્ઠીત ગણાતી મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે કરાયેલી ઘોષણા બાદ આ મુદ્દે વડી અદાલતમાં અરજી થતાં મતદાર મંડળોની રચના માટે હાલ પુરતી ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હોવાનું સત્તાવાર સૂત્રોએ સમર્થન કર્યુ છે.

બીજી તરફ નાગરિક બેંક, દૂધ વાપરનારાઓની સહકારી મંડળી તેમજ દહેગામની પણ જાણીતી સહકારી સંસ્થાઓ દ્વારા ચૂંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે.

જુલાઈના બીજા પખવાડિયામાં સહકારી સંસ્થાઓની ચૂંટણી યોજવામાં આવે તે રીતે કવાયતો હાથ ધરવામાં આવી છે તો ઓગષ્ટના બીજા પખવાડિયામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની વિધિવત્ ઘોષણા સરકાર દ્વારા થશે તેમ મનાઈ રહ્યું છે.

આમ આગામી દિવસો ચૂંટણીમય બનવાના હોવાથી ચૂંટણી રસિયાઓએ અત્યારથી જ તેમના મ્હોરાના પાસાઓ નાખવાનો પ્રારંભ કરી દીધો છે.

તાજેતરમાં માણસા પંથકમાં સહકારી સંસ્થાઓની પ્રતિષ્ઠીત ચૂંટણીઓ સંપન્ન થઈ છે તો ગાંધીનગર દહેગામમાં તેના પડધમ વાગી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘની ચૂંટણીને જિલ્લામાં બહુ ચર્ચા જગાવી છે તેમજ તેને પગલે રાજકીય ઉત્તેજનાઓ પણ છવાયેલી છે.

ગાંધીનગર નાગરિક બેંક એ પણ જિલ્લાનું સૌથી મોટુ સહકારી માળખુ છે તેથી તેની ચૂંટણીએ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનું સ્થાન લીધુ છે. ૪૦ હજારથી વધુ સભાસદો આ બેંકમાં નોંધાયેલા છે.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીએ નગરની જાણીતી સહકારી સંસ્થા છે. આ સંસ્થાની ચૂંટણી પણ આગામી મહિને યોજાશે.

દરમ્યાન આજે સચિવાલયની નવી ક્રેડીટ સોસાયટીના પાંચ બોર્ડ મેમ્બર માટે ચૂંટણી યોજાઈ હતી જેને લઈ સચિવાલયમાં પણ કર્મચારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો. આજે સાંજે પૂર્ણ થયેલા મતદાનમાં ૧૨૩૫ સહાસદોએ મતદાન કર્યુહતુ. ૧૭૦૦થી વધુ મતદારો નોંધાયેલા છે.

## અતિવૃષ્ટિની તારાજીનો અંદાજ મેળવવા સર્વેનો આદેશ



### સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં થયેલા ભારે વરસાદ સંદર્ભે યોજાયેલ સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૨૫

સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિને કારણે થયેલ નુકસાની અંગેનો સર્વે કરવા માટે જિલ્લા તંત્રને આદેશો આપવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ, ગીર, સોમનાથ, અમરેલી, ભાવનગરમાં પડેલા સાંબેલાધાર વરસાદને કારણે આ વિસ્તારોના અનેક ગામોમાં અતિવૃષ્ટિથી જાનમાલ અને માલમિલકતને ભારે નુકશાન થવા પામ્યું હતું.

સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિથી કયા વિસ્તારોમાં કેટલું નુકશાન થયું છે તેનો સર્વે કરવાનો જિલ્લા તંત્રને આદેશ આપવામાં આવ્યો છે.

જિલ્લા તંત્ર અતિવૃષ્ટિને કારણે કયા વિસ્તારોમાં કેટલી માલ મિલ્કતને કેટલાનું, કૃષિક્ષેત્રે, માર્ગોને તેમજ જાનમાલના નુકશાન અંગેનો સર્વે કરીને ટુંક સમયમાં તેનો અહેવાલ રાજય સરકારને સુપ્રત કરશે.

ગુજરાતના મુખ્ય સચિવ શ્રી જી.આર. અલોરિયાએ આજે ગાંધીનગર ખાતે રાજયમાં સર્જાયેલા ભારે દબાણના કારણે ગઈકાલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં થયેલા અતિભારે વરસાદના કારણે ઉભી થયેલી પરિસ્થિતિના સંદર્ભે રાજય સરકાર દ્વારા લેવાયેલા તત્કાલ બચાવ-રાહતના પગલાં અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના ચીફ પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી કે. કૈલાસનાથન પણ ઉપસ્થિત રહયા હતા.

મુખ્ય સચિવ શ્રી જી. આર. અલોરિયાએ અસરગ્રસ્તોને તાત્કાલિક ધોરણે વિવિધ સહાય ચૂકવવા, અસરગ્રસ્ત તાલુકાઓમાં જરૂરિયાત મુજબના બિયારણોની વ્યવસ્થા કરવા, વીજ તથા પાણી

● અનુસંધાન પાન-૭ પર


૧ થી ૩૦ સેક્ટર માટે

આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬


